ક્રમાંક : ક્ષ ર/૧૯૨૭/અ.જા./અ.જ.જા./ગર્વ./ ૯૦૨૮ /૦૫
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,
પોલીસ ભવન, સેક્ટર-૧૮, ગુ.રા., ગાંધીનગર
તારીખ : ૨૦/૦૫/૨૦૦૫

**વિષય** :- નાગરીક સ્વરક્ષણ ધારો ૧૯૫૫ તથા અત્યાચાર નિવારણ ધારો-૧૯૮૯ અંગે શ્રીમતી મીરાકુમારનો માન. મુખ્યમંત્રીશ્રીને ઉદ્દેશીને લખેલ તારીખ : ૨૮/૧૨/૨૦૦૪ ના પત્ર બાબત.

**સંદર્ભ** :- ગુજરાત સરકાર ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગર તારીખ : ૧૧/૫/૨૦૦૫ ના પત્ર ક્રમાંક : અતહ/૧૦૨૦૦૫/૨૪૯૩/ઝ

## પરિપત્ર :

ઉપરોક્ત વિષય અન્વયે આ સાથે ભારત સરકારના સામાજીક ન્યાય અધિકારીતા મંત્રીના તા. ૨૮/૧૨/૨૦૦૪ ના પત્રની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપેલ છે.

ઉપરોક્ત અહેવાલમાં અનુ.જાતી અને અનુ.જન.જાતી અને અત્યાચાર નિવારણ ધારો ૧૯૮૯ તથા નાગરીક સ્વરક્ષણ ધારો ૧૯૯૫ હેઠળ જરૂરી પગલાં લેવા અર્થે ભારત સરકાર દ્વારા કેટલીક સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

પ્રસ્તુત બાબતમાં મુદ્દાનં. ૧, ૨, ૪, ૬, અને ૮ પરત્વે આપશ્રીના જીલ્લા યુનીટ ખાતે જરૂરી અસરકારક પગલા હાથ ધરવા વિનંતી છે. આ બાબતેની જાણ પો.સ્ટે. ખાતે કાર્યરત તમામ કર્મચારીઓને થાય તે જોવા વિનંતી છે.

મુદ્દા- ૧ : આ કાયદાનો અમલ ત્યારેજ થયો ગણાય કે, જયારે કાયદા હેઠળ એફ.આઇ.આર અચુક નોંધવામાં આવે અને ગુનાની તપાસ બાદ સમયમર્યાદામાં ચાર્જશીટ રજુ થાય તે ખાસ જોવું. વિશેષમાં ગુનો નોંધવાની પ્રક્રિયા માટે ફરજ પર પો.સ્ટે. ઓફીસર દ્વારા ગુનો નોંધવામાં ઇનકાર કરવામાં આવે તે અધિકારી અ.જા./ અ.જ.જા. ના સભ્યના હોય તો તેમની વિરૂધ્ધ કલમ - ૪ હેઠળ પગલા લેવા નોંધ લેશો.

મુદ્દા-૨ : અનુ.જાતી / અનુ.જન.જાતી પરના અત્યાચારના સંભવીત ક્ષેત્રોમાં ભોગ બનનાર મહીલા માટે પો.સ્ટે.માં મહીલા પોલીસ કર્મચારીની નિમણુંક કરવી.

મુદ્દા-૪ : અનુ.જાતી/અનુ.જન.જાતી પર અત્યાચારના સંભવીત ક્ષેત્રો કયા છે તે શોધી કાઢી તે વિસ્તારમાં અસરકારક પોલીસ દળ મુકવુ અને યોગ્ય અટકાયતી પગલા લેવા જોઇએ.

મુદ્દા-૬ : આ કાયદાના અસરકારક અમલવારી માટે તેની વિવિધ જોગવાઇઓથી પોલીસ અમલદારો વાકેફ રહે તે માટે પોલીસ અધિકારી સ્પે.પી.પી. તથા અન્ય સબંધીત સમાજ કલ્યાણખાતા / જીલ્લા પંચાયત / સમાજકલ્યાણ તથા અન્ય સરકારી એજન્સીઓના કર્મચારીઓની એકીસાથે તાલીમનું આયોજન કરવુ જોઇએ.

મુદ્દા-૮ : અનુ.જાતી/અનુ.જન.જાતી સંભવીત ક્ષેત્રોમાં આ અધિનિયમ હેઠળ રચાયેલ નિયમોના નિયમ ૧૦ મુજબ ખાસ અધિકારીની નિમણુંક કરવા કાર્યવાહી કરવી. આ માટે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના અધ્યક્ષ સ્થાને મળતી સામાજીક સમીતીઓની બેઠકમાં ... ન જરૂરી નિર્ણયો હાથ ધરવા નોંધ લેશો.

બીડાણ : ઉપર મુજબ

(અ.કુ. ભાર્ગવ)
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી,
ગુ.રા., ગાંધીનગર.

**પ્રતિ,**

- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ..
- તમામ રેન્જ ઇન્ચાર્જશ્રીઓ.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સીઆઇડી ક્રાઇમ, ગુ.રા., ગાંધીનગર.
- તમામ જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી (...)

TRUE COPY

TRUE COPY

Dy. Supdt. of Police
Prevention of Atrocities on SC/ST &
Weaker Section.
Gujarat State, Gandhinagar.